વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT

૧૫ ફેબ્રુઆરી-૨૦૨૧ Vol. 15 No. 2

## સાચા રેશનાલીસ્ટ સાહીત્યકાર

# યશવંત મનોહર



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyanveshan.com પર જાઓ.

# વહેમને કોઈ સરહદ નથી

સુડોકુ (Sudoku) એકલા એકલા રમવા ઉપરાંત મગજની કસરત માટેની એક લોકપ્રીય રમત છે. આપણા કેટલાક અખબારો પણ તે રમત રમવાની સગવડ કરી આપે છે. એમાં મોટે ભાગે ખાનાવાળા ચોરસ હોય છે અને તેમાં મહદ્અંશે ચોકકસ શરતોને આધીન ખાલી ખાનામાં આંકડા મુકી અપેક્ષીત પરીણામ મેળવવા માટે મગજની કસરત કરવાની છે. આવી નીર્દોષ રમતમાં પણ વહેમ કેવી રીતે ઘુસી જાય છે તે નીચેનું ચોકઠું બતાવે છે.

| | | |
|---|---|---|
| 8 | 3 | |
| | | |
| | | |

પંદરના સરવાળાના લક્ષ્યને સીદ્ધ કરવા માટે (દરેક કોલમ અને રો ના) એમાં ૧ થી ૯ આંકડા દરેક એક જ વાર ઉપયોગમાં લેવાની શરતે મુકવાના છે.

આ ચોરસનું ચીનમાં હજારો વર્ષ પુર્વે સર્જન કરવામાં આવ્યું હતું. તદ્દ્ન નીર્દોષ રમત રમવા માટેનું આ ચોરસ છેવટે વહેમ અંધશ્રદ્ધા પોષવાનું કારણ બની ગયું.

ચીનની પ્રજામાં એવો વહેમ આજે પણ ઘર ઘાલી ગયો છે કે ચોરસમાં ભેદી તત્ત્વો છે. એનું એમણે નામ આપ્યું. લો શુ (LO SHU) આ ચોરસ બુરી નજરવાળા સામે રક્ષણ આપે છે એવો વહેમ પ્રચલીત થયો. આથી તેઓ પ્રવેશદ્વાર પર એના લોકેટ બનાવીને કે ત્યાં ચીતરાવીને રક્ષણ મળ્યાનું મીથ્યા આશ્વાસન મેળવે છે. માંદળીયા અને વીંટી વગેરેમાં પણ એને સ્થાન મળવા માંડયું છે. વહેમના ભોગી બનવા માંગનારાઓને સુડોકુ જેવી નીર્દોષ રમતમાંથી પણ વહેમ મળી આવે છે !

# આ...વ...જો...ખીમજીભાઈ !



**ખીમજીભાઈ જીવરાજભાઈ રુડાણી (કચ્છી)**
**નીધન : ૧૧-૦૨-૨૦૨૧**

સમગ્ર દેશમાં સત્યશોધક સભાનો પ્રચાર અને પ્રસાર તથા અંધશ્રદ્ધા નીવારણના કાર્યક્રમોની ઝુંબેશ ચલાવનારની દુઃખદ ચીરવીદાય. એમની પ્રવૃત્તીઓની વાતો આવતા અંકમાં.

**સત્યાન્વેષણ**

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

બી. એ. પરીખ
પ્રેમ સુમેસરા
સીદ્ધાર્થ દેગામી
સુનીલ શાહ
મનસુખ નારીયા

૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ | સળંગ અંક : ૩૫૧ | Vol. 15 No. 2

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)

## સાચા રેશનાલીસ્ટ સાહીત્યકાર યશવંત મનોહર

–સુર્યકાન્ત શાહ

તા. ૧-૨-૨૧ના રોજ 'ટાઈમ્સ ઓફ ઈન્ડીયા'એ મરાઠી ભાષાના સાહીત્યકાર યશવંત મનોહરની સાથે પ્રશ્નોત્તરી કરી તેને પ્રકાશીત કરી છે.આ પ્રશ્નોત્તરીથી સમજાય છે કે યશવંત ઉચ્ચ કક્ષાના સાહીત્યકાર છે, અને પ્રખર રેશનાલીસ્ટ છે. વીદર્ભ સાહીત્ય સંઘે એમના ઉચ્ચ સાહીત્ય સર્જન માટે એમને 'આજીવન એવોર્ડ' આપવાનું નકકી કર્યું. વીદર્ભ સાહીત્ય સંઘે એમને એ એવોર્ડ આપી દીધો હતો. ત્યારબાદ સંઘે એમનું જાહેર બહુમાન કરવાનું નકકી કર્યું. આ સાહીત્ય સંઘની પ્રણાલીકા છે કે એમના કાર્યક્રમો જે સ્ટેજ પર થાય ત્યાં સરસ્વતી દેવીની પ્રતીમા રાખવી. એ પ્રતીમાને હાર-તોરા કરવા. યશવંત નાસ્તીક અને રેશનાલીસ્ટ છે. એમને વીદર્ભ સાહીત્ય સંઘની પ્રણાલીકાની જાણકારી હતી. આથી એમના બહુમાન કાર્યક્રમ દરમીયાન આ પ્રતીમા સ્ટેજ પર નહીં રાખવામાં આવે તો પોતે આવશે એવું જણાવેલું. એમને આશા હતી કે સંઘ એમની લાગણીને માન આપશે, પરંતુ સંઘના પદાધીકારીઓએ છેલ્લી ઘડીએ યશવંતને જણાવ્યું કે સંઘ એની પ્રણાલીકા ચાલુ રાખશે. સંઘના પદાધીકારીઓ સાથે ચર્ચા કરવાનો અવકાશ નહોતો. આથી યશવંતે સવીનય કાર્યક્રમમાં હાજર રહેવાની પોતાની અશકતી દર્શાવી.

ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

સ્વાભાવીક જ પ્રશ્નો ઉઠયા કે યશવંતને સરસ્વતીની પ્રતીમા વીરુદ્ધ વાંધો કેમ છે. તેના જવાબમાં એમણે જણાવ્યું કે, 'એ પ્રતીમા એવી કોઈ પણ વ્યકતીનું પ્રતીનીધીત્વ કરતી નથી. કે જેણે સમાજમાં જ્ઞાન-શીક્ષણનો પ્રચાર કર્યો હોય. સાવીત્રીબાઈ ફુલેનો ફોટો સ્ટેજ પર હોય તો કહી શકાય કે એવી વ્યકતીનો ફોટો મુકાયો છે કે જેનું જીવન સાચા લોકશીક્ષણનો સંદેશો આપે છે. ભલે વીચીત્ર લાગે પણ હકીકત એ છે કે આ દેશમાં આમ પ્રજા, વંચીતો અને તીરસ્કૃતને ત્યાં શીક્ષણ લઈ જવાની શરુઆત બ્રીટીશ શાસકોએ કરી છે. બીજી બાજુ સરસ્વતીની પ્રતીમા એવા સમાજનું પ્રતીક છે કે જે આમ પ્રજાને શીક્ષણ આપવાની વીરુદ્ધમાં છે. એ એવા સમાજનું પ્રતીક છે કે જે વીશીષ્ટ હકો ધરાવતા શાસકો અને વંચીતોથી વહેંચાયેલા છે. આ શાસકો વંચીતોને હંમેશ શીક્ષણ અને જ્ઞાનથી દુર રાખે છે. જો કોઈક વંચીત એમના સરમુખત્યારશાહી વલણને સ્વીકારવા તૈયાર થાય તો તેવા વંચીતને પોતાની પાંખમાં સમાવે છે. શું વંચીતોએ આવા શાસકોના હાથા બનવું જોઈએ ? સરસ્વતીની પ્રતીમા આવા સમાજને જાળવવા અને તેનું સંવર્ધન કરવાનું પ્રતીક છે. પ્રવર્તમાન સમાજ પણ આવો વીભાજીત જ છે. એવા સમયે મારે આવા પ્રતીકવાળા સ્ટેજ પર હાજર થઈને આ વીભાજીત સમાજની પ્રવર્તમાન કાર્યવાહીને અનુમોદન આપવું જોઈએ નહીં. મેં માત્ર ગેરહાજર રહીને આ પ્રણાલી સામે અણગમો વ્યકત કર્યો છે. મેં એમની ધાર્મીક કે કોઈ પણ પ્રકારની માન્યતાને ઠેસ પહોંચાડી નથી. કોઈ પણ સાહીત્ય સંઘ સાહીત્યના સંવર્ધન માટે હોય છે. તેથી એ બીનસાંપ્રદાયીક જ હોય. આ વાર્તાલાપથી પણ મારે કોઈની ધાર્મીક લાગણીને ઠેસ પહોંચાડવી નથી. મારે માત્ર એટલું જ જણાવવું છે કે હું રેશનાલીસ્ટ છું પ્રશ્નોત્તરી મારફત પણ મારા ગેરહાજર રહેવાનાં કારણો સ્પષ્ટ કરવાનો ઈરાદો છે. આપણાં વાણી-વર્તનમાં કોઈ પણ ધાર્મીક માન્યતાનો એવો પ્રભાવ તો પડવો જ નહીં જોઈએ કે જે એક એખલાસભર્યા સમાજના ઘડતરમાં વીઘ્નરુપ બને.'

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/- છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARBOPARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે અથવા મો.નં.-૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

# દીકરો કે દીકરી : કોણ જવાબદાર ?

-તંત્રીલેખ

થોડા સમય પુર્વે સુરતથી પ્રસીદ્ધ થતા એક દૈનીક અખબારની કોલમમાં લેખકે જણાવ્યું કે 'સ્ત્રીના દેહમાં માત્ર સ્ત્રીબીજ હોય છે, પણ પુરુષને કુદરતે પુરુષબીજની સાથે સ્ત્રીબીજ પણ આપ્યું છે. નારીનું સ્ત્રીબીજ પુરુષના સ્ત્રીબીજ સાથે સંયોજાય તો દીકરી જન્મે છે.'

ખરી હકીકત એ છે કે પુરુષમાં ફક્ત પુરુષબીજ (શુક્રકોષ) અને સ્ત્રીમાં ફક્ત સ્ત્રીબીજ (અંડકોષ) જ હોય છે. અહીં જે તફાવત છે એ, બીજમાં નહીં પણ રંગસૂત્રો (ક્રોમોઝોમ્સ)નો છે. સ્ત્રી પુરુષ બન્નેમાં કુલ ૨૩ જોડ (૪૬) રંગસુત્રો હોય છે કે પૈકી પ્રથમ ૨૨ જોડ સમાન હોય છે. માત્ર એક જોડ રંગસુત્ર જાતીભેદ નકકી કરે છે. આ જાતીય રંગસુત્રો પૈકી સ્ત્રીમાં XX (બે એક્ષ) અને પુરુષમાં XY (એક એક્ષ, એક વાય) પ્રકારના રંગસુત્રો અસ્તીત્ત્વ ધરાવે છે. હવે સ્ત્રી-પુરુષના મીલન દરમ્યાન સ્ત્રીબીજ (અંડકોષ) અને પુરુષબીજ (શુક્રકોષ)નું મીલન થાય અને ફલનની ક્રીયા થાય ત્યારે ગર્ભ બનવાની શરુઆત થાય છે. તે દરમ્યાન સ્ત્રીના એક્ષ રંગસુત્ર સાથે પુરુષનું વાય રંગસુત્ર જોડાય તો છોકરો જન્મે છે. સ્ત્રી તરફથી એક્ષ રંગસુત્ર મળવાનું નકકી હોય છે, પુરુષ તરફથી એક્ષ કે વાય બેમાંથી જે રંગસુત્ર મળે તેને આધારે આવનાર બાળકની જાતી નકકી થાય છે. કેટલાક સંજોગોમાં સ્ત્રી કે પુરુષ તરફથી એકને બદલે બે રંગસુત્રો મળે ત્યારે વાત બદલાઈ જાય છે પણ એ અલગ વીષય છે. ટુંકમાં જન્મનાર બાળક છોકરો હશે કે છોકરી એ કુદરતી રીતે નકકી થાય છે. એને માટે કોઈ જવાબદાર નથી. આડકતરી જવાબદારી નકકી કરવી હોય તો જોડીમાં રહેલા ભીન્ન રંગસુત્રોને આધારે પુરુષ જવાબદાર છે એમ કહી શકાય. આ માટે કોઈ પણ સંજોગોમાં સ્ત્રી જવાબદાર નથી એ સમાજે સમજવાની જરુર છે.

કેટલાક પરીવારોમાં સતત અવતરતી દીકરીઓ અને પતી કે સાસુ-સસરાની પુત્ર માટેની ઝંખનાને પરીણામે સ્ત્રીએ સહન કરવું પડે છે. દીકરીને 'સાપનો ભારો' સમજતા પરીવારો દીકરી જન્મે એ પસંદ કરતા નથી. બીજા કે ત્રીજા પ્રયત્ને પણ દીકરી જ જન્મે તો એને દોષ ગણીને દોષનો ટોપલો ઘરની વહુને માથે નાંખી દેવાય છે. મહેણાં, ટોણાં, શારીરીક અને માનસીક દમન શરુ થઈ જાય છે. કયારેક સ્ત્રીની આત્મહત્યા અને હત્યા સુધીની ઘટના બને છે. કોઈપણ ઘટના સંદર્ભે વૈજ્ઞાનીક સમજ નહીં કેળવાય ત્યાં સુધી સમાજમાં આવું

ચાલતું રહેશે. લીંગભેદમાં માનનારી પ્રજા એકવીસમી સદીમાં પણ હજી વૈચારીક રીતે સત્તર-અઢારમી સદીમાં જીવતી હોય એમ લાગે. જેટલું વીજ્ઞાન સમજીશું એટલું જીવન સરળ અને સુખી થશે એ નીર્વીવાદ છે.

## વાચકોના મીતભાષી અભીપ્રાયો

***એન. વી. ચાવડા, કડોદ :** આદરણીય શ્રી સુર્યકાંત શાહ સાહેબ તથા પરીવાર, આપના પ્યારા પુત્ર પરીંદના અકાળ અવસાનના સમાચાર જાણી હલબલી જવાયું. અપાર દુઃખ અને આઘાતનો અનુભવ થયો. આપને આશ્વાસન આપવા માટે મારી પાસે શબ્દો નથી. દુઃખ તો આપણને ખુબ થાય જ પરંતુ કેટલાંક દુઃખો પાસે આપણે લાચાર હોઈ તે સહન કર્યા સીવાય છુટકો નથી. આપ તથા આપનો પરીવાર આવી પડેલા આ દુઃખ અને સંકટમાંથી જલ્દી બહાર આવી, સ્વસ્થ થઈ શાંતી પ્રાપ્ત કરે એવી શુભેચ્છાઓ પાઠવું છું. હું આપના દુઃખમાં સહભાગી છું. છેલ્લા બે મહીના દરમ્યાન કડોદથી બહાર હતો. મોરબી અને વડોદરામાં હમણાં જ કડોદ પરત આવ્યો. ડીસે. નું ‘સત્યાન્વેષણ’ જોતા આ દુઃખદ ઘટનાની જાણ થઈ. ફોન કરવાની હીંમત અને શકતી એકઠી કરી શકયો નથી. આપ સૌને મારા વંદન.

***અશ્વીનીકુમાર ન. કારીઆ, પાલનપુર :** સ્નેહી સુર્યકાન્તભાઈ તમારા પુત્ર ડો. પરીંદની સ્મૃતીમાં રૂા. ૨૫ હજારનું દાન સત્યશોધક સભાને કર્યાના સમાચાર ઉદાહરણીય અને અભીનંદનીય છે.

## સત્યશોધક સભાનાં પ્રકાશનો

| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડો. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોની ભીતરમાં રૂા. ૩૦ | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડો. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડો. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

મેળવવા માટે મ. ઓ. કરો.

# બ્રાહ્મણ રાજનેતાઓના ૨૪ જમાઈ મુસલમાન, ૬ દલીત

**–એન. વી. ચાવડા**

આપણા દેશના અનેક રાજનેતાઓ અને રાજકીય પક્ષો મુસલમાનો વીરુદ્ધ ઝેર ઓકીને હીંદુ મતોનું ધ્રુવીકરણ કરીને સત્તા મેળવી લે છે, પરંતુ એક સંશોધનાત્મક અખબારી અહેવાલ છે કે આપણા દેશના અનેક બ્રાહ્મણ નેતાઓએ પોતાની પુત્રીઓ મુસલમાનો સાથે પરણાવી છે. આ અહેવાલ મુજબ આ બ્રાહ્મણ રાજનેતાઓના ૨૪ જમાઈ મુસલમાન છે, જ્યારે ૬ જમાઈ દલીત છે,

(૧) અશોક સીંઘલ, દીકરી સીમા સીંઘલ - મુખ્તાર અબ્બાસ નકવી. (૨) મુરલી મનોહર જોષી, દીકરી રોશન જોષી-શાહ નવાઝ હુશેન (૩) બાલકૃષ્ણ અડવાણી, ભત્રીજી પ્રતીભા - અલ્લાહ હુશેન (૪) સુબ્રહ્મણ્યમ સ્વામી, દીકરી સુહાસીની-નદીમ હૈદર (૫) બાબા સાહેબ ઠાકરે, પૌત્રી સુહાસીની - સહજાદ (૬) પ્રવીણ તોગડીયા, દીકરી-અશરાફ મીર (૭) શીલા દીક્ષીત (૮) અશોક મણી (૯) મોનીકા બેદી-અબુસલેમ (૧૦) સંગીતા બીજલાણી - મોહમ્મદ અઝરુદ્દીન (૧૧) ઉમર અબ્દુલ્લાની પત્ની-પાયલનાથ (બ્રાહ્મણ) (૧૨) શાહરૂખખાનની પત્ની, ગૌરી છીબર (બ્રાહ્મણ) (૧૩) શૈફ અલીખાનની પત્ની, કરીશ્મા કપુર (બ્રાહ્મણ) (૧૪) આમીરખાનની પહેલી પત્ની, રીમા દત્ત (બ્રાહ્મણ) અને બીજી પત્ની કીરણ રાવ (બ્રાહ્મણ) (૧૫) પટૌડી મન્સુર અલીખાન, શર્મીલા ટાગોર (બ્રાહ્મણ) (૧૬) ફરહાન અખ્તર - અધુની ભવાની (બ્રાહ્મણ) (૧૭) શકીલ લદાક - અમૃતા અરોરા (બ્રાહ્મણ) (૧૮) સલમાનખાનનો ભાઈ અરબાઝખાન-મલાઈકા અમૃતા અરોરા (બ્રાહ્મણ) (૧૯) સલમાનનો નાનો ભાઈ સોહેલખાન - સીમા સચદેવ (બ્રાહ્મણ) (૨૦) આમીરખાનના ભાણીયા ઈમરાનખાન - અવંતીકા (બ્રાહ્મણ) (૨૧) સંજયખાનનો દીકરો જાવેદખાન - મલીક પારેખ (બ્રાહ્મણ) (૨૨) ફીરોઝખાનનો દીકરો ફરદીન - નતાશા પંડ્યા (બ્રાહ્મણ) (૨૩) ઈરફાનખાન - સુતયા (બ્રાહ્મણ) (૨૪) નસીરુદ્દીન શાહ - રત્ના પાઠક (બ્રાહ્મણ)

હવે વીચાર કરો કે મુસલમાનો કોને સારા લાગે છે, અને મુસલમાનોને પોતાની દીકરીઓ કોણ પરણાવે છે ? અર્થાત્ આપણા ધનવાન બ્રાહ્મણ રાજનેતાઓ પોતાની પુત્રીઓને ધનવાન મુસલમાનો સાથે પરણાવે છે, અને પોતાના જમાઈઓને ઉચ્ચાસને પહોંચાડે છે. સામાન્ય હીંદુ-મુસલમાન આવા સંબંધોથી જોડાય છે ત્યારે તેનો વીરોધ કરનારાં કહેવાતા હીંદુત્વવાદીઓ આ (બ્રાહ્મણ) રાજનેતાઓનો વીરોધ કેમ કરતા નથી ?

## કરવટ બદલતો ઈતીહાસ

સોક્રેટીસ તો પ્લેટોની સાહીત્યીક કૃતીનું એક પાત્ર હતું. જાણીને દુઃખદ આશ્ચર્ય થશે કે સોક્રેટીસ દ્વારા પ્લેટોએ લેખનનો વીરોધ કર્યો હતો ! વદતોવ્યાઘાત એ છે કે આપણી વચ્ચે આજે પણ પ્લેટો વંચાય છે કારણ કે પ્લેટોની ઘણી વાણીને લેખન-સ્વરુપ આપવામાં આવ્યું !

આવો જ બીજો વદતોવ્યાઘાત એ છે કે યુરોપના નવજાગૃતીકાળના એક શીલ્પી-ચીત્રકાર માઈકલોએન્જલે અત્યારના વેટીકન સીટીના દેવળોમાં અદ્ભુત શીલ્પકામ, સ્થાપત્ય અને ચીત્રકામ કર્યાં. એના ચીત્રકામ પુરાં થવાં આવ્યા ત્યારે પોપ તે તપાસવા આવ્યા. એમાં એમને જીસસ અને બાઈબલના ઓછાં દર્શન થયાં. આથી ગુસ્સે થઈને એમણે એ બધાંનો નાશ કરવાના હુકમો કર્યા. માઈકલોએન્જલોએ પોપ ફરી મુલાકાતે આવે અને તપાસે તે પહેલા દેવળો આમ જનતા માટે ખુલ્લા મુકી દીધાં. લોકો તો સ્થાપત્ય, શીલ્પ અને ખાસ તો ચીત્રો જોઈને આભા બની ગયા. રાત અને દીવસ ચોવીસે કલાક દેવળો લોકોથી  ઉભરાતા જ રહ્યા. પોપ જયારે ફરીવાર તપાસવા આવ્યા ત્યારે માઈકલોન્જેલોએ કશાનો નાશ કર્યો નહોતો તે જોઈને ખુબ ગુસ્સે તો થયા, પરંતુ લોકોની ભીડ જોઈને એમનાથી ફરીવાર નાશ કરવાનો હુકમ થઈ શકયો નહીં. આજે પોપના વેટીકન સીટીના ખર્ચાનો ત્રીજો ભાગ આવક તરીકે આ દેવળના મુલાકાતીઓ પાસેથી વસુલવામાં આવતી ફીમાંથી આવે છે ! આજે રોમ અને વેટીકનની શ્રીમંતાઈનું એક કારણ માઈકલોન્જેલો અને તેનાં સર્જન છે.

## લેખન વીના વીજ્ઞાન શકય જ નહીં થાત

તમે ‘ક’ વાંચો છો, તમે એમાં જે ઉચ્ચાર કરો છો, તે જ ઉચ્ચાર હું કરુ છું. ‘ક’ આકૃતી દ્વારા ચોકકસ અર્થ અને ઉચ્ચારનું પ્રમાણીકરણ થયું છે. જેને અક્ષરો કહીએ છીએ તે ચોકકસ આકૃતી છે. પરસ્પરને સંદેશા આપવા-લેવા માટે આ આકૃતીનું પ્રમાણીકરણ થયું છે. આ પ્રમાણીકરણ દ્વારા લીપી બની. લીપીના અક્ષરોને જોડીને શબ્દો બનાવવામાં આવ્યા છે. શબ્દોને જોડીને વાકયો, અને વાકયોના ફકરા-પંકતીઓ બને જે અંતે લેખ અને કાવ્યો વગેરે બને. ચોકકસ આકૃતીઓનું લેખન કરવું એ બહું મોટી શોધ છે. ચોકકસ

આકૃતી સાથે ચોકકસ ઉચ્ચારણ જોડાયેલ છે. આમ, લેખન ઉચ્ચારણ સાથે મળીને ભાષા બને છે. લેખન થકી વીચારો લાંબુ આયુષ્ય ભોગવતા થાય છે. એ લખાયેલ વીચાર પર નવી પેઢી અને સમવયસ્કો ચીંતન કરે છે. એના પર સુધારા, વીરોધ અને સમર્થના મળે છે. લેખનને કારણે વીચારો ટકાઉ બને છે. તેથી તેના પર ખેડાણ શકય બન્યું છે. વીજ્ઞાનની યાત્રામાં કોઈ એક વીચાર, કોઈ એક વીચારના આધારે સંશોધન તેમ જ સંશોધનના આધાર ટેકનોલોજીને લોકો સુધી પહોંચાડવા માટે ધંધો ક્રમશઃ એકબીજાના પુરક બનીને વીજ્ઞાનને લોકભોગ્ય બનાવે છે.

મુળમાં જે વીચાર પેદા થયો હોય છે તે લેખનને કારણે ટકાઉ બને છે, તેથી તેના પર સતત ખેડાણ થાય છે. આ ખેડાણને કારણે વીજ્ઞાન સતત નવી ક્ષીતીજોને આંબતું થયું છે. જો લેખનની શોધ નહીં થાત તો વીજ્ઞાનની સતત ચાલતી યાત્રા શકય નહીં બનતે. સુમેરીયન પ્રજાએ ઈ.સ. પુર્વે ૪,૦૦૦ વર્ષ પુર્વે માટીની ટીકડીઓ બનાવી તેના આકારનું પ્રમાણીકરણ કર્યું હતું. આ સૌથી પહેલું લેખન હતું. ત્યાંથી લેખન વધીને આજે મોબાઈલના સ્ક્રીન સુધી આવી ગયું છે ! લેખનના સંશોધન પર પણ સતત સુધારા થતા ગયા તેથી એ મોબાઈલના સ્ક્રીન સુધી આવ્યું. આમ છતાં દરેક ભાષાના મુળાક્ષરોની આકૃતીમાં ઝાઝા ફેરફાર થયા નથી. એ ફેરફાર કરી શકાય નહીં કારણ કે તો જ વીચારોનું સતત ખેડાણ અને સંવર્ધન થઈ શકે. સાચે જ લેખન પોતે જ એક મોટી શોધ છે !

---

## સત્યશોધક સભા : વાર્ષીક હેવાલ

**(તા. ૧–૪–૨૦૧૯ થી ૩૧–૩–૨૦૨૦)**

---

**–પ્રેમ સુમેસરા, સુનીલ શાહ**
**(મંત્રીઓ)**

સત્યશોધક સભા દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ માં થયેલી પ્રવૃત્તીઓનો અહેવાલ આ સાથે રજુ કરીએ છીએ, વર્ષ દરમ્યાન સંસ્થાના તમામ હોદ્દેદારો તથા કમીટી સભ્યોએ આપેલા સહકારની સહર્ષ નોંધ લઈએ છીએ. આ સંસ્થા લોકસહકારથી ચાલતી સંસ્થા છે. અંધશ્રદ્ધા નીવારણની વીવીધ પ્રવૃત્તીઓ માટે દાતાઓ તરફથી મળેલ દાનની વીશેષ નોંધ લઈ દાતાશ્રીઓ પરત્વે આભાર વ્યકત કરીએ છીએ.

શ્રી અતુલ પાઠકજી દ્વારા એમના પીતાશ્રી પ્રમોદચંદ્ર પાઠકજીના સ્મરણાર્થે યોજાતી નીબંધ-વકતૃત્વ સ્પર્ધા માટે અગાઉના વર્ષોમાં મળેલ દાનની રકમમાં આ વર્ષે એમના તરફથી

રૂ. ૭૫૦૦૦ (પંચોતેર હજાર)નો ઉમેરો કરવામાં આવ્યો છે. તેના સહર્ષ સ્વીકાર સાથે આભાર વ્યકત કરીએ છીએ.

'કહેવાતી ઢબુડી' મા દ્વારા સુરતમાં યોજાનાર મેળાવડા સામે આ સંસ્થાના સભ્યો દ્વારા તેમના આયોજકો અને મદદનીશો સાથે ટેલીફોનીક વાત કરીને કહેવાતા ચમત્કારો સામે ચેલેન્જ આપતા આ કાર્યક્રમ બંધ રાખવામાં આવ્યો હતો. આમ, 'ઢબુડી'નો પર્દાફાશ કરવામાં આવ્યો હતો.

સત્યશોધક સભાના માસીક 'સત્યાન્વેષણ' નું પ્રકાશન દર મહીને સુર્યકાન્ત શાહના મુખ્ય સંપાદકપદે નીયમીત થાય છે. કોરોના કાળમાં માત્ર એક મહીનાનું પ્રકાશન થઈ શકયું નહોતું. તે અપવાદ બાદ કરતાં આજના કોરોના કાળમાં પણ તેનું નીયમીત પ્રકાશન થાય છે.

'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' આ વર્ષે શ્રી મનસુખ નારીયાને આપવાનું નકકી થયા બાદ તેનો સમારંભ અને બે દીવસીય કાર્ય શીબીર ઉમીયાધામ ખાતે રાખવાનું નકકી થયેલું. જેમાં મુખ્ય મહેમાન તરીકે આંધ્ર પ્રદેશના રેડીકલ હ્યુમેનીસ્ટ સંસ્થાના પ્રમુખ મેદુરી સત્યનારાયણ પધારવાના હતા, પરંતુ કોરોનાને કારણે સમારંભ મુલત્વી રાખવામાં આવ્યો હતો.

વીજ્ઞાનદીન નીમીત્તે વીચારગોષ્ઠી અને વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં (૧) જે. બી. ગાબાણી લાઈબ્રેરી ખાતે એસ. આર.ડી. ગ્રુપના સહયોગથી 'આપણું બંધારણ અને રેશનાલીઝમ' વીષય પર તથા (૨) નવસર્જન ટ્રસ્ટ, નાનપુરા ખાતે 'શૈક્ષણીક સંસ્થાઓમાં ધાર્મીક શીક્ષણનું મહત્ત્વ' પર વીચારગોષ્ઠીનું આયોજન થ્યું હતું. (૩) ૨૮ ફેબ્રુ. વીજ્ઞાનદીન નીમીતે સંસ્કારભારતી સ્કુલમાં વકતૃત્વ સ્પર્ધાનું સફળ આયોજન થયું હતું.

સાર્વજનીક એજયુ. સોસાયટી અને સુરત મહાનગરપાલીકા યોજીત 'માય સીટી, માય વેલેન્ટાઈન' કાર્યક્રમમાં સંસ્થા તરફથી પ્રયોગોનું નીદર્શન અને રેશનલ પુસ્તકોના વેચાણ માટે સ્ટોલ રાખવામાં આવ્યો હતો. જેમાં કડીવાલા સ્કુલના વીદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

વર્ષ દરમ્યાન ચમત્કારના પ્રયોગો દ્વારા વૈજ્ઞાનીક અભીગમના પ્રચાર-પ્રસાર કાર્ય વીવીધ શૈક્ષણીક સંસ્થાઓમાં તથા સ્વૈચ્છીક-સામાજીક સંસ્થાઓમાં થયું હતું. જેમાં માધુભાઈ કાકડીયા, સીદ્ધાર્થ દેગામી, ગુણવંત ચૌધરી તથા કરુણાબેન ચૌધરીએ રસપ્રદ કાર્યક્રમો આપ્યા હતા.

કાળી ચૌદશ નીમીત્તે કતારગામ ખાતે શ્રી માધુભાઈ અને એમની ટીમ દ્વારા કતારગામની વીવીધ સોસાયટી બહાર મુકાતાં વડાં એકત્ર કરી, સૌને સમજાવી તે જરુરીયાતમંદ લોકોને વહેંચવામાં આવ્યા હતા.

જીલ્લા લોકવીજ્ઞાન કેન્દ્રની સાથે રહી ડાયરેકટર શ્રી જી. એન. કાકડીયાના સહયોગથી વીજ્ઞાનના વીવીધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

# રેશનાલીઝમ : વીશેષ

-રમેશ પટેલ
મો. -૯૮૨૫૧ ૦૦૨૫૫
[ચયનકર્તા]

* **પ્રાસ્તવીક :**

કુદરતના નીયમોની અસર સજીવ અને નીર્જીવ સૃષ્ટી પ્રતી સમાન થતી હોય છે. માણસ પણ કુદરતી નીયમોને અધીન જીવન જીવે છે. કુદરતી પરીબળો સાથે સંઘર્ષ કરી જીવન ટકાવી રાખવા મનુષ્ય સતત પ્રયત્નશીલ રહે છે. એમાંથી જ ‘વીવેકબુદ્ધીવાદ’નો ઉદ્ભવ થયો.

ડાર્વીનવાદ અનુસાર જે અનુકુલન સાધે છે એ  પ્રજાતી ધરા પર ટકી રહે છે, અને જેને અનુકુલન સાધ્યુ નથી એવી અસંખ્ય પ્રજાતીઓ નાશ પામી છે અને પામે છે.  હવે વ્યકતીગત અને સામાજીક તબકકો શરુ થયો છે. માનવીને સ્વતંત્રતા અને સત્યની શોધ માટે સંઘર્ષ કરવો પડે છે.

આદી માનવમાંથી આધુનીક માનવ બનવાની શકતી એ વીવેકબુદ્ધી આધારીત ગુંજાયશનું જ પરીણામ છે. માનવીની બધી જ શોધખોળો એણે પ્રાપ્ત કરેલ જ્ઞાન વીવેકબુદ્ધી આધારીત હોય છે.

* **નીરીશ્વરવાદનો જન્મ :**

શુન્યમાંથી કશું જ સર્જન પામતું નથી. સર્જન પામે છે કાર્યકારણની યંત્રણાથી. માનવીની બુદ્ધીની સીમાએ - મર્યાદાએ જ ઈશ્વર, ગોડ, ખુદા વગેરેનું સર્જન કર્યું છે. માનવી એ ઈશ્વરનુ સર્જન નથી, પરંતુ ઈશ્વર એ માનવીનું સર્જન છે.

ઈશ્વર વીશેનો આપણો કાલ્પનીક ખ્યાલ છે. જે વહેલામાં વહેલો દુર કરવાની તાતી જરુરીયાત છે. કહો કે, ‘ઈશ્વર મરી ગયો છે.’

ઈશ્વર એ ધર્મનું એક અંગ છે. ધર્મનું એ અંગ હવે સડી ગયું છે. આથી એને દુર કરવું જરુરી છે. ધર્મ એ ખરેખર અફીણ (opium) છે. ધર્મ એક નશો છે.

ઈશ્વરમાં ન માનનારી વ્યકતી ‘નાસ્તીક’ છે, અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખનારી વ્યકતી ‘આસ્તીક’ છે. ભારતમાં વેદમાં ન માનનાર વ્યકતીને ‘નાસ્તીક’ વેદકાળથી ગણવામાં આવતો. આવું અન્ય દેશોમાં પણ થયું.

વેદકાળ પછીના વીજ્ઞાનના જમાનામાં નીર-ક્ષીર વીવેકે 'બુદ્ધીવાદ'નો જન્મ આપ્યો ત્યારતી 'રેશનાલીઝમ' શબ્દ જાણીતો બન્યો છે.

વેદકાળના બૃહસ્પતી ઋષીના સંશયવાદે રેશનાલીઝમ જેવી સત્યનીષ્ઠ - વીવેકબદ્ધીજનીન વૈજ્ઞાનીક વીચારધારા - વૈજ્ઞાનીક ચીંતનધારાનો જન્મ લગભગ આસ્તીકવાદ જોડે જ થયો હતો.

કપીલ મુનીએ 'સાંખ્યદર્શન' રચી ઈશ્વરના અસ્તીત્વ વીરુદ્ધ પડકાર ફેંકતું ચીંતન રજુ કર્યું હતું. ભારતીય દર્શનમાં લોકાયત  વીચારધારાનો ઉલ્લેખ પણ છે. પ્રકાંડ પંડીત ચાર્વાક ઋષી નાસ્તીક હતા. તેમણે કહયું હતું કે દેહથી ભીન્ન આત્મા નથી અને સૃષ્ટીનો કોઈ સર્જનહાર નથી.

ચાર્વાકે લખ્યું છે કે,

'માવત જીવં સુખં જીવેત,
ઋણ કૃત્વા ધૃતં લખેત ।
ભસ્મ ભુતસ્ય દેહં
પુનરાગમન કૃતઃ ॥'

અર્થાત્ સુખ-આનંદથી જીવો, દેવુ કરીને પણ ઘી પીઓ, જલસા કરો, મસ્તી કરો, મૌજ કરો, કારણ બળી ગયેલ શરીર ફરી પાછું મળવાનું નથી.

ચાર્વાક ઋષી જેવો જ નાસ્તીક ચીંતન દર્શન કરનારો પ્રાચીન વીચારક ગ્રીસમાં થઈ ગયો. એનું નામ હતું 'એપીકયુરસ.' એપીકયુરસ એ ગ્રીસનો ચાર્વાક ગણાય છે. તે પુર્ણ માનવવાદી હતો.

'ભારતની પ્રમુખ વીચારધારાઓમાં લગભગ અર્ધી તો નીરીશ્વરવાદી જ હતી એમ પ્રા. રમેન્દ્ર દર્શાવે છે.

બુદ્ધ પણ ભગવાનની સત્તાને સ્વીકારતા નહોતા. પુરાણા એવા બીજા ગ્રંથોમાં લખ્યું છે એટલે એ વાત સાચી માનવી ન જોઈએ એવું પણ એમણે કહ્યું હતું.

'પરંપરાવાદીઓ વેદકાળની જુની વાત ભલે સાચી માને પણ તમારે તમારી વીવેકબુદ્ધીથી વાત જે તમારા ગળે ઉતરે તો જ સાચી માનજો !'

જૈન દર્શનો પણ નીરીશ્વરવાદી જ છે. ચીંતક કન્ફ્શીયસ પણ નીરીશ્વરવાદી હતો. પૌરાણીક સાહીત્ય દર્શનમાં પણ બે શાખાઓ છે : (i) આસ્તીક અને (ii) નાસ્તીક.

ભારતીય ચીંતનની આસ્તીક ગણાતી બે શાખાઓ સાંખ્ય અને મીમાંસા પણ નાસ્તીક છે. પ્રાચીન ભારતીય દર્શનની મુખ્ય નવ શાખાઓમાંથી પાંચ તો નીરીશ્વરવાદી જ છે.

વૈજ્ઞાનીકો કોપરનીકસ અને ગેલેલીયોએ પણ ઈશ્વરીય સર્જન માત્ર દંતકથાઓ છે એવું જણાવીને સંશયની સાધના કરી. વીજ્ઞાનના અનેક સંદર્ભોએ ધર્મના કહેવાતા અસત્યોની પોલ ખોલી છે, અને જુઠા સાબીત કર્યા છે !

આમ વીજ્ઞાને 'રેશનાલીઝમ' અને વીવેકબુદ્ધીનો માર્ગ એકદમ ખુલ્લો કરી દીધો. આ સદીના પ્રકાંડ રેશનાલીસ્ટોએ આસ્તીક પક્ષની તમામ નીર્બળતાઓ - પોકળતાઓ સચોટ રીતે ખુલ્લી પાડી છે !

*** રેશનાલીઝમની વ્યાખ્યા અને વીભાવના :**

રેશનલ એટલે વીવેકશકતી અથવા વીવેકબુદ્ધીયુકત અભીગમ. રેશનલ શબ્દને 'ઈઝમ' પ્રત્યય લગાડવાથી બને છે. જેનો અર્થ : વાદ થાય છે. વીચાર, માન્યતા કે ચીંતન-વ્યવહારની વૈજ્ઞાનીક વીચારસરણીનો સ્વીકાર આપણી વીવેકબુદ્ધી પર અવલંબે છે.

'રેશનાલીઝમ' એટલે શું ? લંડનના રેશનાલીસ્ટ એસોસીએશને આ મુખ્ય વ્યાખ્યા આપી છે :

'Rationalism may be defined as the mental attitude and aims at establishing a system of philosophy and ethics verifiable by experience and independent of all arbitrary assumptions of authority. '

ઉપરોકત વ્યાખ્યાનો ભાવાનુવાદ આ છે :

'રેશનાલીઝમ એક એવો માનસીક અભીગમ છે, અને જેનો હેતુ ફીલસુફી તથા નીતીશાસ્ત્રની એવી તરાહ સ્થાપવાનો છે કે જે કોઈ પણ અધીકારના આડેધડ ધારણાઓથી સ્વતંત્ર અને ચકાસણી કરી શકાય તેવા અનુભવ અને નૈતીકતાવાળી હોય.' માણસજાતની બધી જ સીદ્ધીઓ તેમ બધા જ અનીષ્ટોનું મુળ તેની બુદ્ધી જ છે કારણ કે બુદ્ધી અવળે માર્ગે પણ ગતી કરે છે. ત્યારે 'વીવેક' - 'તર્કવીવેક'થી એને અટકાવવી ઉચીત છે. સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ પારખતા આવડવું જોઈએ. નીર-ક્ષીરનો વીવેક પણ જરુરી છે.

ઈશ્વરની સંકલ્પના કાલ્પનીક છે. ભુતપ્રેમ કાઢવાની ક્રુર વીધીઓ - ઉંચ-નીચના ભેદભાવ કે આત્મા અંગેની ફીલસુફી - કર્મકાંડ... વગેરે માણસની બુદ્ધીનું વીકૃત સ્વરુપ માત્ર જ છે.

બુદ્ધી દ્વારા માનવી અનુચીત ભ્રામક પ્રવૃત્તી કરે છે. પ્રાર્થના કરે, પુજા-અર્ચના કરે, સત્યનારાયણની કથા કરાવે, બાધા રાખે, મક્કા-મદીનાની, વેટીકન જાત્રા કરે. શું અન્ય પ્રાણીઓ આવું બધું કરે છે ખરા ? પ્રાણીઓ પુજા-પ્રાર્થના કરતા નથી કારણ તેઓ સંપૂર્ણતઃ બુદ્ધીહીન છે. બર્ગસાં લખે છે કે, 'માણસ એક માત્ર એવું પ્રાણી છે કે જેને કુદરતી રીતે જ વીવેકશકતી પ્રાપ્ત થઈ છે. (Endowed with Reason) તેમ છતાં માનવી કેટલીક વખત વીવેકશકતી રહીત, માન્યતા મુજબ પ્રવૃત્તીઓ કરે છે આથી જ બુદ્ધીનીષ્ઠા એ રેશનાલીઝમનો પુર્ણ પર્યાય નથી. સ્વામી વીવેકાનંદે પણ કહ્યું છે કે 'બુદ્ધીશાળી માણસ ગમે તેવા કાર્યને-કામને પોતાને લાયક તથા મનપસંદ બનાવી લે છે.'

રેશનાલીસ્ટને મન 'વસુધૈવ કુટુંબકમ્' એટલે કે સમગ્ર વીશ્વ એને મન કુટુંબ છે. એક જ ડાળના પંખીઓ છે !

ધર્મ અને શ્રદ્ધા પ્રતીની ગતી એટલી વીવેકબુદ્ધીની આંખે પાટા બાંધી અંધ બનવા જેવું છે, એવું બેંજામીન ફ્રેંકલીનનું માનવું છે. વીવેકબુદ્ધીવાદી સંવેદનશીલ અને માનવતાવાદી હોય છે. એ અન્યનું હીત પ્રથમ જુએ છે. નીત્શેએ સરસ વીધાન કર્યું છે કે : માનવ પ્રાણી એ ભગવાનની ભુલ છે - પછી ભગવાનની કલ્પના એ માનવીની ભુલ છે ! જો ખરેખર ઈશ્વર હોય તો મને તેના અસ્તીત્વ પ્રત્યે શંકા જ કેમ કરવા દેત ?'

પ્રા. રમણ પાઠક 'વાચસ્પતી' લખે છે કે : 'રેશનાલીસ્ટ અચુક નાસ્તીક હોય, પરંતુ નાસ્તીક રેશનાલીસ્ટ હોય કે ન પણ હોય. અર્થાત્ નાસ્તીકતા રેશનાલીઝમનો ઉપગણ માત્ર છે. રેશનાલીઝમ નાસ્તીકતાથી એક પગથીયું ઉંચી, દશાંગુલ ઉર્ધ્વ અવસ્થા છે !'

રેશનાલીઝમની લડત માત્ર અંધશ્રદ્ધા સામે નથી. એ અનેક પ્રવૃત્તીઓનો એક ભાગ માત્ર છે. લોકો અંધશ્રદ્ધાનો શીકાર ન બને તે પણ જોવું જોઈએ. અંધશ્રદ્ધાને લીધે વ્યકતીમાં માનસીક સંકુચીતતા પ્રવેશે છે !

આત્મા, પરમાત્મા, પુર્વજન્મ, પુનઃજન્મ, અવતારવાદ, કર્મનો સીદ્ધાંત, સ્વર્ગ-નર્ક એ બધી બાબતો માત્ર મનુષ્યના દીમાગની નીપજ છે. સાચો રેશનાલીસ્ટ ઈર્ષા, દ્વેષ, અભીમાન, કૃપણતા જેવી કેવળ હાનીકારક વીકૃતીમાંથી બહુધા મુકત હોય અને હોવો જ જોઈએ ! આથી જ બટ્રાન્ડ રસેલે લખ્યું છે કે : 'માણસજાતને હાની પહોંચાડનાર વીચારો ત્યજવા જોઈએ. માણસે સાચા માણસ બનવા સદ્‌વીચારક બનવું જોઈએ !'

રેશનાલીસ્ટ સમાજમાંના ભ્રષ્ટાચાર નાબુદ કરવામાં યોગ્ય ફાળો આપી શકે એમ છે કારણ રેશનાલીઝમ ફકત તર્કપ્રામાણ્ય હકીકત અને વીવેકબુધ્ધી પ્રામાણ્યને જ સ્વીકારે છે. રેશનાલીસ્ટમાં તાટસ્થ્યતાનો ભાવ છલકાતો જોવા મળે છે. તે પોતાની મર્યાદાથી માહીતગાર હોય છે. તે પુર્વગ્રહયુકત વીચારસરણીથી મુકત હોય છે.

**રેશનાલીસ્ટનાં લક્ષણો :**

રેશનાલીસ્ટ કંઈ સમાજથી વીમુખ સાધુ-સંત નથી. મુંબઈના રેશનાલીસ્ટ શ્રી ગુલાબભાઈ ભેડાએ 'વીવેકપંથી'માં રેશનાલીસ્ટનાં ૩૨ લક્ષણો વર્ણવ્યા છે, તે અહીં પ્રસ્તુત કર્યા છે :

(૧) જન્મથી જ જીવન શરુ થાય છે અને મૃત્યુથી પુર્ણ થાય છે, એની આગળ કે પાછળ કશું જ હોતું નથી, તેવી હકીકતાધારીત દ્રઢ માન્યતા.

(૨) જીવન નીર્ભેળ, નીર્બંધ અને મુકત આનંદ માટે જ છે, એવી સ્પષ્ટ અનુભુતી.

(૩) હજી સુધી સીદ્ધ થયેલ નથી તેવા ઈશ્વરના અસ્તીત્વનો ઈન્કાર કરી નીસર્ગના સાંનીધ્યે જીવવું.

(૪) વ્યોમવ્યાપી તારાઓ, નક્ષત્રો અને ગ્રહો વીશે કુતુહલ ઘણું, પણ માનવજીવન પરની તેમની અસરનો સ્પષ્ટ ઈન્કાર.

(૫) રહસ્યો ઉકેલવામાં સદા પ્રવૃત્ત, પણ હતોત્સાહ કદી ના થાય.

(૬) માત્ર માનવસૃષ્ટી જ નહીં, પણ સચરાચર જીવનસૃષ્ટીને પ્રેમ કરે. સંકુચીત સીમાડા એને સ્પર્શે નહીં.

(૭) આશા-નીરાશાના જંગલમાં તે કદી ભુલો પડે નહીં.

(૮) સદા ચીંતનશીલ, પણ ચીંતાથી જોજન દુર રહે.

(૯) લગ્નવ્યવસ્થાને સુખનું સાધન માને, બંધન નહીં.

(૧૦) સ્વેચ્છાચારી, સ્વૈરવીહારી, પણ પુર્ણ સભાન.

(૧૧) ભોગ-ઉપભોગનો બાધ નહીં, ચારીત્ર્યના સંકુચીત ખ્યાલોથી પર.

(૧૨) સ્વભાવે નીખાલસ, વ્યકતીત્વે પારદર્શક, વૃત્તીએ નીસ્વાર્થ, ભાષ્યે મધુર, વ્યવહારે વીનયશીલ અને શીસ્તપ્રીય.

(૧૩) વ્યકતી, વાત અને વસ્તુનું તટસ્થ મુલ્યાંકન કરી જાણે. વીવેકબુધ્ધી જ એનું નીર્ણાયક બળ.

(૧૪) મન-મગજનું સહસંચાલન કરી જાણે-ખમીરથી જીવી જાણે.

(૧૫) વીચારોમાં સ્પષ્ટ, અભીવ્યકતીમાં નક્કર અને વલણ વીધાયક.

(૧૬) લોભ-લાલચ-લાલસાથી પર, પણ ત્યાગનો આડંબર નહી જ.

(૧૭) જીદ્દી ખરો, પણ જડ નહીં.

(૧૮) રમતા-રમતા મીત્ર બની જાય, દુશ્મનાવટ ડામી દે, અને વેરવૃત્તીથી વીમુખ.

(૧૯) નૈતીકતાને જ ધર્મ માને. સત્યાગ્રહી ખરો, પણ અત્યાગ્રહી નહીં.

(૨૦) ઉદાર, ઉદાત્ત, પ્રામાણીક, વફાદાર તેટલો સચેત.

(૨૧) નીંદા અને ખુશામતથી પર.

(૨૨) પ્રતીસ્પર્ધી જરૂર બને, પણ કોઈને પાડી દેવાની વૃત્તી તો નહીં જ.

(૨૩) તન-મનની પુર્ણ સ્વતંત્રતા માણે, અને ઉદ્વેગોથી આઘો રહે.

(૨૪) તાર્કીક દલીલો ભરપેટ કરે, પણ વીતંડાવાદમાં ઉતરે નહી.

(૨૫) પાપ-પુણ્યમાં સમજે નહીં, પણ શ્રેયાશ્રેયની એની સમજણ ઉંડી.

(૨૬) ગુણાવગુણનો પારખુ-ગુણની અપેક્ષા, અવગુણની ઉપેક્ષા.

(૨૭) માર્ગદર્શન નાના બાળકનું પણ માંગે, પણ ગુરુપદ માંધાતાનેય ના આપે.

(૨૮) સદાનો સંશોધક : પ્રશ્નો ઉત્તર મેળવવા માટે પુછે, અને સંશયો સમાધાન માટે ઉપજાવે.

(૨૯) પુર્ણ વાસ્તવદર્શી, ભ્રાંતીમાં કદી ના રહે.

(૩૦) કોઈ સુધારો સ્વીકારવા તૈયાર, સક્ષમ સાહસી, પરંપરાભંજક.

(૩૧) ખભો એનો આંસુથી ભીંજાવા સદા તત્પર.

(૩૨) વ્યકતીથી વીશેષ વીચારોનું પ્રાધાન્ય સ્વીકારી ચાલે.

## વીજ્ઞાન : પરીવર્તનની મશાલ

વીજ્ઞાનની શોધ પરીવર્તનના મુળમાં હોય છે. એ શોધને ટેકનોલોજીની મદદથી લોકભોગ્ય બનાવવામાં આવે છે. વેપાર-વાણીજ્ય ટેકનોલોજીએ પેદા કરેલ ચીજ યા સેવાને લોકોના વપરાશ માટે લોકો સુધી લઈ જાય છે. આટલું થયા પછી સમાજમાં પરીવર્તનનો તબક્કો શરુ થાય છે. સમાજના રાજકીય, આર્થીક ને સામાજીક, સાહીત્યીક, કલાકીય બધાં જ ક્ષેત્રે પરીવર્તનો આવે છે. વીસમી સદીના ઉત્તરાર્ધથી મોબાઈલના કારણે આ બધાં ક્ષેત્રોમાં કેટલાં બધાં અને પાયાનાં ફેરફારો આવ્યા છે તેના આપણે સૌ સાક્ષી છીએ. રેશનાલીસ્ટોએ વીજ્ઞાન અને ટેકનોલોજીની આ પરીવર્તનક્ષમતા તરફ સમાજનું ધ્યાન ખેચવું જોઈએ. આમ કરવાથી તેઓ પ્રજાને વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમથી પરીચીત કરી શકે કે જે અંતે એમને રેશનલ થવા તરફ દોરી શકે.

# મુકુંદભાઈને સ્મરણાંજલી

-અશ્વીન કારીઆ

મુકુંદભાઈનું દેહાવસાન એટલે રેશનાલીસ્ટ ચળવળને પુરી ના શકાય એવી ખોટ. આપણી ચળવળના એક પછી એક મોભીઓ કીરીટ શાહ, કીરીટ નાણાવટી, ફકીરભાઇ વણકર અને ત્યારબાદ મુકુંદભાઈ આપણી વચ્ચેથી વીદાય થયા.

અંધશ્રદ્ધા નાબુદી માટે ડો. સુજાત વલી, મુકુંદભાઈ અને મારી બનાવેલી ટીમે પંચમહાલ (અવીભાજીત)ના ઘણાં ગામડાં ખુંદી નાખ્યા, પરંતુ તેમના જેવો જુસ્સો અને આક્રમકતા અમારામાં નહીં. લીમખેડામાં કોઇએ પોતાના બાળકને બલી ચડાવી ત્યાં જાગૃતી અર્થે એક માસ સુધી અબ્દુલભાઈ વકાણી સાથે તે વીસ્તારના ગામડાંઓમાં વીજ્ઞાન યાત્રાનું આયોજન તેમણે કરેલ. એક વખત અમે બંને કલોલ મુકામે એક શાળામાં કાર્યક્રમ અર્થે ગયેલ હતા. એક મુસ્લીમ શીક્ષક તેમની સાથે દલીલમાં ઉતરી પડયા. વાતાવરણ ગરમ થઈ જાય કે વાત મારામારી સુધી પહોંચી જાય તો પણ તેની તેમને દરકાર નહીં. એક વખત અમે રેશનાલીસ્ટ કોન્ફરન્સમાં ભાગ લઈને ત્રીવેન્દ્રમથી ટ્રેનમાં પાછા ફરી રહ્યા હતા ત્યારે એક વ્હોરા ગૃહસ્થ સાથે ઈશ્વરનાં અસ્તીત્વના મુદ્દે જીભાજોડી તેમને થઈ હતી. મારી સમજાવટથી શાંત થયા હતા.

વીજ્ઞાનને તેઓ સમર્પીત હતા. ખગોળશાસ્ત્રના નીષ્ણાત હતા. શાળા-કોલેજોમાં અનેક વીજ્ઞાન શીબીરોનું અમારી ત્રીપુટીએ આયોજન કર્યુ છે. તેમાં શકય હોય ત્યારે કાં તો મકુંદભાઈ અથવા જગદીશભાઈ સુથારે ટેલીસ્કોપ સાથે રાત્રે અગાસીમાં લાઇનબંધ ઉભેલા વીદ્યાર્થીઓને ગ્રહોની સ્થીતી સમજાવતા જાય. શીબીર આયોજક તરીકે કોઈ દેખાડો નહીં. પાયાના કાર્યકર, સાવરણી લઈ કચરો કાઢવા બેસી જાય કે ટેબલ-ખુરસી ગોઠવવાના કામમાં કોઈને ય કહ્યા વીના લાગી જાય. ભુપેશભાઈ કે જગદીશભાઈની વીજ્ઞાન શીબીરમાં મુકુંદભાઈનું પ્રવચન અને હાજરી ઘણી મહત્ત્વની પુરવાર થતી.

મુળ સામ્યવાદી રંગે રંગાયેલા તેથી વંચીત વર્ગના લોકો અને વંચીતો તરફ વીશેષ નીસ્બત અને સહાનુભુતી ધરાવતા. તેઓના પ્રશ્ને રેલી કાઢતા, ઉપવાસ કરતા, રજુઆતો કરવામાં તેમને જરાય નાનમ ન હતી. તેમની નીષ્ઠા ઉદાહરણીય હતી. રુપાલ પલ્લીના મુદ્દે તેમ જ પંચમહાલ ડીસ્ટ્રીકટ કો.-ઓપ. બેન્કના પ્રશ્ને, તેમણે હાઈકોર્ટમાં જાહેર હીતની અરજી કરી હતી. ભલે બંનેમાં ઈચ્છીત પરીણામ લાવ્યુ ન હતું. પરંતુ નીરાશ થાય તે બીજા, મુકુંદભાઈ નહીં.

મુકુંદભાઈ એકવચની, સત્યનીષ્ઠ, નીષ્કપટ, ખુલ્લા દીલના નીડર અને ઓછું ભણેલ હોવા છતાં જ્ઞાની હતા. ગીતાના અનેક શ્લોકોનું તેઓ તાર્કીક અર્થઘટન કરતા. ચમત્કાર

પર્દાફાશના કાર્યક્રમોમાં શ્રોતાઓના મુંઝવતા અનેક પ્રશ્નોના તેઓ વીદ્વતાપુર્ણ અને નીર્ભીક રીતે ઉત્તરો આપતા. ચમત્કાર પર્દાફાશના કાર્યક્રમમાં જઈએ ત્યારે ઈશ્વર વીશે અમુક પ્રશ્ન પુછાય. એક વખત અમો બંને સંતરામપુર ગયા હતા. રાત્રે જાહેરમાં કાર્યક્રમ હતો. મુકુંદભાઈના કેટલાક વીધાનોથી સભામાં ઉશ્કેરાટ ફેલાયો હતો. એ તો સારું થયું કે સવાણી સાહેબે કુશળતાતી સ્થીતી સંભાળી લીધી હતી. અન્યથા પાથ્થરમારો થવાની પુરી સંભાવના હતી. ૧૯૯૫માં ગણેશ મુર્તી દુધ પીવાના પ્રસંગે ગોધરાની પ્રભાકુંજ સોસાયટીમાં શંકરની દેરી પર તેમણે કોઈપણ જાતના ડર વીના લોક વીરોધનો સામનો કરીને સમજાવવા કોશીશ કરી હતી.

સુજાતભાઈના કુટુંબને ૧૯૮૫ માં સૈયદનાના ગોધરામાં આગમન વખતે તેમ જ ત્યારબાદ તેમના કુટુંબ પર થયેલ હુમલા વખતે અને કટ્ટરવાદીઓની ધમકી વચ્ચે સુજાતભાઈના પરમ મીત્ર તરીકે તેમણે કામ કર્યુ છે.

કોઈપણ પ્રશ્નનો ઉકેલ લાવવામા તેઓ સમર્થ હતા. કૌટુંબીક સંબંધો પ્રેમપુર્વક નીભાવતા. શ્રીમતી કે મારી પુત્રીને કામ હોય અને તેમના એક ફોન સંદેશાથી ઘરે આવીને ઉભા રહેતા. તેમની હાજરીથી જ અડધી સમસ્યા હલ થઈ જતી, અને અમે માનસીક રીતે ચીંતામુકત થઈ જતા. મુંદભાઈ વીના ગોધરા જ નહીં, પરંતુ ગુજરાત પણ સુનું થયું છે. છેલ્લે ભગતસીંહના વીચારો અંગે સ્પર્ધા ગોઠવવાના આયોજન સંબંધમાં તેઓ સતત મને ફોન કરતા રહેતા હતા અને ભગતસીંહના એક પુસ્તકનું ગુજરાતી ભાષાંતર કરવાનું કામ મને સોંપ્યું હતું.

અલવીદા મુકુંદભાઈ ! તમારી સાથેનો વૈચારીક સંબંધ તો મારા જીવનના અંત સુધી જોડાયેલો રહેશે. ઘણું જીવો મકુંદભાઈ !

---

## વીચારો ! વીચારો !!

વીચારો પેદા થવા માટેનાં સંબંધીત તત્ત્વો છે. મુલ્યો, પ્રવૃત્તીઓ, માન્યતાઓ, કલાકારીગરી અને સંસ્થાઓ. જો આ બધાં તત્ત્વો હકીકત આધારીત વૈજ્ઞાનીક અભીગમની એરણ પર ટીપાયેલા હોય, અને માનવ કેન્દ્રી હોય તો માણસોને આવતા વીચારો માનવજાતનું મહત્તમ કલ્યાણ થાય તેવા આવશે. વીચારો માનવજાત પર અસીમ અસર કરે છે તેનું વરવું ઉદાહરણ મોબાઈલ અને ઈન્ટરનેટ છે. અવાજ અને પ્રકાશ પાસેથી ધારેલું કામ લઈ શકાય અને તે બંનેને માનવજાતની સેવામાં મુકી શકાય. આ વીચારો કેટલા શકતીશાળી છે એ તો તમે જ તમારા મોબાઈલનો સ્પર્શ કરીને જ સમજી શકશો. આ અને આવા અન્ય વીચારોએ જ માનવજાતની શકલ બદાલી છે. આથી વીચારો, નવેસરથી વીચારો અને શકય બને તો મૌલીક વીચારો.

# રગમાં રકતનો રંગ રાતો

**–રોહિત 'કર્મ' હીંમતનગર**

સૃષ્ટીના પ્રાણીઓ, પંખીઓ, જીવજંતુઓની શારીરીક રચના ભીન્ન-ભીન્ન છે. ઉત્ક્રાંતીનાં વર્ષો બાદ સજીવ સૃષ્ટી પોતાનું અસ્તીત્વ ટકાવી રાખવા કાળક્રમે આવતી પરીસ્થીતીને અનુકુળ થવા કોશીશ કરતી હોય છે.

માણસ પણ ઉત્ક્રાંતીના વીવીધ તબક્કાઓમાંથી પસાર થઈ આજે સુસંસ્કૃત અને ટેકનોક્રેટ થયો છે. વીજ્ઞાન અને ટેકનોલોજીની હરણફાળ પ્રગતીએ માણસને સુખસાહ્યબી બક્ષી છે. નવું નવું જે કંઈ શોધાય છે તે ધરતી પરનો કાળા માથાનો માનવી જ શોધે છે. એક પણ વસ્તુ આકાશમાંથી ટપકીને પડતી નથી. માણસ પોતાની બુદ્ધીને કસીને જરુરીયાતોને પુરી કરવા શોધખોળ કરે છે, અને પ્રયોગોના અંતે કલ્પનાઓ આવીષ્કારનું રુપ ધારણ કરે છે. આ મારા હાથમાં રહેલો મોબાઈલ ફોન કયા આકાશી દેવતાએ મોકલ્યો છે ? આકાશમાં ઉપગ્રહો બનાવીને માણસે મોકલ્યા છે, અને એ ઉપગ્રહોના પ્રતાપે આજે દુનીયા ખુબ નાની લાગે છે કારણ કે ઈન્ટરનેટ, રેડીયો કે ટેલીફોનના પ્રસારણનાં મોજાં એ ઉપગ્રહો  દ્વારા ધરતી પર પાછા ફરે છે, અને આપણને માધ્યમોની સેવા મળે છે. આ અવકાશી મોજાં એ માનવે શોધેલી  વૈજ્ઞાનીક શોધ છે.

વીજ્ઞાન ડગલે ને પગલે માણસની સાથે છે. વીજ્ઞાન યુનીવર્સલ છે. માણસ યુનીવર્સલ છે, અને માણસની રગમાં વહેતુ રાતુ રકત પણ યુનીવર્સલ છે. સમગ્ર જીવસૃષ્ટીમાં સૌથી બુદ્ધીશાળી પ્રાણી માણસ છે. શરીર રચનામાં માણસને ફકત બે ભાગમાં જ વહેંચી શકાય- પુરુષ અને સ્ત્રી. પરંતુ સ્ત્રી, પુરુષ કરતાં પાછળ નથી. અત્યંત દુઃખની વાત એ છે કે માણસને માણસે શરીર સીવાયના બીજા કેટલા બધા ભાગોમાં વહેંચી નાખ્યો છે. ગોરા-કાળાનો ભેદ, ધર્મ-ધર્મ વચ્ચેનો ભેદ, દેશી-પરદેશીનો ભેદ...કરોડપતી-રોડપતીનો ભેદ, સુખી-દુઃખીનો ભેદ, ભાષા-પહેરવેશનો ભેદ, ખાવા-પીવાનો ભેદ...શા માટે માણસના વાડા બનાવાયા છે ? કોણે આવા ભાગલા પાડયા છે ? એક બાજુ ભાગલાનું અત્યંત દુઃખ છે, અને પાછું કહેવામાં આવે છે કે 'મનુષ્ય તુ બડા મહાન હૈ, ભુલ મત !'

તમામ મનુષ્યોના લોહીનો રંગ લાલ છે. એમાં કોઈ ભેદભાવ નથી. રાતા રકતની રગેરગથી માણસ ધબકે છે, ત્યારે દુનીયાના રંગે રંગાઈને માનવતા મહેકાવે તો ખોટું શું છે ?

માણસ-માણસ વચ્ચેની ખાઈની લડાઈઓ યુદ્ધ નોતરે છે. જે યુદ્ધ કરે એ શાનો બુદ્ધ ? ભેજામાં ભરેલી બુદ્ધીનો માણસ તર્ક સાથે વીવેક સાથે અને વૈજ્ઞાનીક અભીગમ સાથે સદુપયોગ કરે તો સૃષ્ટીમાં માનવ મહેકી ઉઠે.

પંખીઓના સીમાડા નથી, પરંતુ અહીં તો પંથીઓ માટે સરહદો છે. માણસની માણસ વચ્ચેની આ હરીફાઈ માણસને કયાં લઈ જશે ?!!!

લાલ રંગ ભલે ડેન્જરની નીશાની હશે, પરંતુ દરેક માણસોની રગોમાં વહેતા રાતા રકતનો રંગ એકદમ લાલ ચટ્ટાક છે, જે યુનીવર્સલ છે અને તમે તો લાલ રંગને પવીત્ર, શુભ અને ધાર્મીક માનો જ છો ને !

ધરતી પર મનુષ્યતાની લાલીમા ફેલાતી રહે, ફેલાતી રહે, ફેલાતી રહે.

## મારા સાથી મુકુંદભાઈ !

**–બીપીન શ્રોફ**

તારીખ ૧૭ મી ડીસેમ્બરના રોજ સવાર સવારના જ સમાચાર મલ્યા કે ગુજરાતમાં માનવવાદી-રેશનાલીસ્ટ પ્રવૃત્તીના એક અગ્રણી, ગોધરા નીવાસી મુકુંદભાઈ સીંધવનું ટુંકી માંદગીમાં જ અવસાન થયું છે. ભાઈ મુકુંદભાઈનો પરીચય છેલ્લા ત્રણ દાયકા કરતાં પણ વધારે સમયથી હતો.

મુકુંદભાઈનો મુળ વૈચારીક વારસો ડાબેરી કર્મનીષ્ઠ તરીકેનો હતો. ગરીબો, વંચીતો, નીઃસહાય અને અસંગઠીત કામદારોના હકકો તેમ જ કલ્યાણ માટે તે સમર્પીત હતા. તેમનો સ્પષ્ટ મત હતો કે સમાજના વંચીતોની સ્થીતી, તેઓનામાં પ્રવર્તમાન અંધશ્રદ્ધા, વહેમો અને કુરીવાજો વગેરે તેમના વીરુદ્ધની સમાજ વ્યવસ્થાની દેણ છે. સદર વ્યવસ્થાનો પાયો ધર્મો આધારીત છે. આપણે જો ધર્મનીરપેક્ષ સમાજ બનાવીએ તો જ પેલા વંચીતોના સમુહમાં 'નવી સુબહ' આવે !

તેથી મુકુંદભાઈએ પોતાની ડાબેરી સમાજવાદી પ્રવૃત્તી સાથે સાથે અંધશ્રદ્ધા, વહેમો, વ. દુર કરવા રેશનાલીઝમને પણ પોતાના કાર્યક્ષેત્રના એક ભાગ તરીકે જીવનારની ભુમીકા સ્વીકારી લીધી હતી. ડૉ. સુજાત વલી, અશ્વીનભાઈ કારીઆ અને મુકુંદ સીંદાવની ત્રીપુટીએ, અન્ય સાથીઓના સહકારથી 'હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ સોસાયટી' ગોધરાની સ્થાપના કરી. ગોધરા અને પંચમહાલ જીલ્લાના આજુબાજુના ગામોમાં સતત જીવનભર મુકુંદભાઈ અંધશ્રદ્ધા વીરુદ્ધ રેશનાલીસ્ટ પ્રવૃત્તીના લોકજાગૃતીના કાર્યક્રમો કરતા જ રહ્યા.

મુકુંદભાઈને સદર કામોની કદરના ભાગરુપે સુરત 'સત્યશોધક સભા' એ તેઓને 'રમણભ્રમણ' સુવર્ણ ચંદ્રક એનાયત કરીને બહુમાન કર્યું હતું.

આવા અમારી પ્રવૃત્તીના પરીપક્વ સાથીની આકસ્મીક કાયમી વીદાયે ગુજરાત રાજય અને ગોધરા શહેરની રેશનાલીસ્ટ માનવવાદી પ્રવૃત્તીને એક અસહ્ય આઘાત આપ્યો છે. પાછળ રહેલા સૌની નૈતીક ફરજ થઈ પડે છે કે મુકુંદભાઈએ જીવનભર જે પ્રવૃત્તીને સંપુર્ણ સમર્પીત થઈને કરી છે તેને આગળ વધારતા જઈએ. તે જ આપણા સૌની ફરજ થઈ પડે છે.

## સત્યશોધક સભાના સત્યાન્વેષણ માટેના પ્રયત્નો

'નેશનલ કાઉન્સીલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનીકેશન' અને 'ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી,' ન્યુ દીલ્હી પ્રેરીત તથા 'પ્રશંસા ફાઉન્ડેશન'ના ઉપક્રમે અને સંઘપ્રદેશ દમણ-દીવ અને દાદરા નગર હવેલીના શીક્ષણ વીભાગના સહયોગથી વીજ્ઞાન શીક્ષકો માટે ચાર દીવસીય સંઘપ્રદેશ કાર્યશીબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. 'પેડાગોજી ઓફ લાઈફ સાયન્સ' વીષય પર આધારીત શીબીરનું ઉદ્ઘાટન વીજ્ઞાન પ્રસારના વરીષ્ઠ વૈજ્ઞાનીક ડો. બી. કે. ત્યાગીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. અદયક્ષ સ્થાને આસીસ્ટન્ટ ડાયરેકટર ઓફ એજયુકેશન શ્રી મણીભાઈ પટેલ (દમણ) રહ્યા હતા. ડો. ત્યાગીએ જણાવ્યું કે, 'વીજ્ઞાનના કલાસરુમમાં બાળકોને જે રીતે ભણાવવામાં આવે છે તેમા બાળકોને વીજ્ઞાન પ્રત્યે અભીરુચી કેળવાતી નથી. વાલીઓમાં પણ ઘણી ભ્રમણા છે. વીજ્ઞાન વીષય સરળ બનાવવાનો અમારો ઉદેશ છે. શીક્ષકોએ બાળકોની કુતુહલતાપોષક પ્રવૃત્તીઓ કરાવવી જોઈએ. પૃથ્વીની ઉત્પત્તી કે બ્રહ્માંડના રહસ્યોને ઉકેલવા જેવા વીજ્ઞાનનું જ્ઞાન જ જીવનમાં કામ લાગે એમ છે. પ્રકૃતી અને જીવનની વચ્ચે અત્યંત ઘનીષ્ટ સંબંધ છે. વીજ્ઞાન આપણને યોગ્ય રીતે જીવન જીવવાનું શીખવે છે. કૃષી વીજ્ઞાની ડો. કનકલતાએ વીજ્ઞાન શીબીર શીક્ષકોને વર્ગખંડમાં કઈ રીતે ઉપયોગી નીવડશે તેની સમજ આપી હતી. શ્રીમતી સંધ્યાજીએ જીવ વીજ્ઞાન, પ્રકૃતી અને બાળ સહજ પ્રવૃત્તીઓ શીક્ષકો પાસે કરાવી હતી. શ્રી મનીષકુમારે વીજ્ઞાન અને ગણીત એકબીજાના પુરક છે એ વાત ઉદાહરણ દ્વારા સમજ આપી હતી. સીદ્ધાર્થ દેગામીએ પ્રયોગ-નીદર્શન દ્વારા સત્યશોધક સભાની વીચારસરણીને અનુરુપ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમ કેળવવામાં વીજ્ઞાન શીક્ષકો તરીકેની જે ભુમીકા હોવી જોઈએ તે નીભાવવા માટે મંત્ર-તંત્ર, હોમ-હવન, જપ-તપ, દોરા-ધાગાને શીક્ષકે તીલાંજલી આપી જીવનમાં બનતી ઘટનાઓને વૈજ્ઞાનીક દ્રષ્ટીએ સમજવાનો આગ્રહ કર્યો હતો.

# મહાભારતમાં નીરીશ્વરવાદ

**–પ્રવીણ ગઢવી**
**મો. – ૯૯૭૯૮ ૯૩૯૯૦**

ભારતમાં નીરીશ્વરવાદના આદ્યપ્રવર્તક ચાર્વાકનો સર્વપ્રથમ ઉલ્લેખ મહાભારતમાં જોવા મળે છે. ચાર્વાક અને ચાર્વાકના ગ્રંથોને બાળી મુકવામાં આવ્યા હતા, પરંતુ ચાર્વાક મતનું ખંડન કરવા ચાર્વાકસુત્રોનો ઉલ્લેખ તો મજબુરીવશ કરવો જ પડે, તેથી ચાર્વાક દર્શન વીરોધી ગ્રંથોમાંથી ચાર્વાકના વીચારો જાણવા મળે છે ! આ ભારતીય દર્શનના ઈતીહાસની વીસંગતતા જ ગણી શકાય. જયરાશી ભટ્ટના 'તત્વોત્પલસીંહ' ગ્રંથમાં લોકાયત દર્શનનાં બૃહસ્પતી-સુત્રો મળે છે, અને જયરાશીના આ ગ્રંથની નોંધ માધવાચાર્યના ગ્રંથ 'સર્વદર્શન સંગ્રહ'માં જોવા મળે છે. માધવાચાર્ય વીજયનગરના મહારાજા બુક્કલના સમકાલીન હતા. જયરાશીના ગ્રંથની હસ્તપ્રત ધોળકામાં જળવાઈ હતી. તે ગુજરાતનું ગૌરવ કહેવાય !

આમ અનુમૌર્યકાલમાં કે તે પછી કાળક્રમે રચાયેલા મહાભારતમાં ચાર્વાકનો સમકાલીન ધાર્મીક માન્યતાઓ સામેનો વીરોધ જોવા મળે છે. મહાભારતના 'શાંતીપર્વ'માં જ્યારે યુધીષ્ઠીર અને પાંડવો વીજયી થઈ હસ્તીનાપુરમાં પ્રવેશ કરે છે ત્યારે ચાર્વાક યુધીષ્ઠીર સમક્ષ પ્રગટ થાય છે અને કહે છે કે, 'આપ પોતાના ભાઈભાંડુઓના હત્યારા છો. આપે ગુરુહત્યા પણ કરી છે. આવા ઘોર અપકૃત્યો પછી જીવવાનો શો અર્થ છે ? 'યુધીષ્ઠીર આવા કઠોર વચન સાંભળી હકકાબકકા થઈ ગયા અને પુછ્યું કે, 'આ કોણ છે ?'

બ્રાહ્મણોએ કહ્યું કે, 'આ ચાર્વાક, દુર્યોધનનો મીત્ર, એક રાક્ષસ છે. આપે એનાથી ડરવાની જરુર નથી.'

ક્રોધથી સળગતા તે બ્રાહ્મણોએ ચાર્વાકને ખુબ માર્યો, અને પોતાની ગરમ ગરમ ફુંકોથી એને સળગાવી દીધો. ફુંકોથી તો સળગાવી ન શકાય, પરંતુ જીવતો સળગાવ્યો હશે એમ માની શકાય.

આમ અહીં ચાર્વાકના નીરીશ્વરવાદી દર્શનનો ઉલ્લેખ થયો નથી પરંતુ ચાર્વાક યુદ્ધ અને હીંસાનો વીરોધી હોય તેવું ચીત્ર ઉપસ્યું છે.

ચાર્વાક વેદનો, યજ્ઞનો, અને આત્મા-પરમાત્મા, સ્વર્ગ-નરક-મોક્ષના ભ્રામક ખ્યાલોનો વીરોધી હતો. તે વાત મહાભારતકારે છુપાવી છે.

બીજી બાજુ ચાર્વાક મતાવલંબીઓએ મહાભારતકારનો આભાર તો અવશ્ય માનવો જોઈએ, કેમ કે એણે સર્વ પ્રથમ વાર ચાર્વાકના અસ્તીત્વનો સ્વીકાર કર્યો છે.

સગાસંબંધીના સંહારથી શોકગ્રસ્ત યુધીષ્ઠીર સન્યાસ ગ્રહણ કરવાની વાત કરે છે, ત્યારે ગદાધારી ભીમ નીરીશ્વરવાદી દલીલો કરે છે અને કહે છે કે, 'આપની બુદ્ધી પણ વેદપાઠીઓ જેવી જડ બની ગઈ છે. વેદીયો વાસ્તવીકતા સ્વીકારી શકતો નથી. સંન્યાસ કોઈ સમસ્યા ઉકલતો નથી, પરંતુ સન્યાસમાં આળસ સીવાય કશું જ નથી. ભુખ્યો મનુષ્ય ભોજન જતું કરે કે કામી પુરુષ કામીનીનો ઉપભોગ ન કરે, તેવી આ વાત છે. જો સન્યાસ સીદ્ધી હોત તો પર્વતો અને વૃક્ષોને સીદ્ધી અવશ્ય પ્રાપ્ત થાય. અકર્મણ્યને કોઈ સીદ્ધી મળતી નથી. શરીરના કેવળ ભરણપોષણથી સીદ્ધી મળતી નથી. શરીરના કેવળ ભરણપોષણથી સીદ્ધી મળતી હોત તો જલચરો અને ભુચરોને અવશ્ય સીદ્ધી મળી હોત. કર્મમાર્ગ છોડીને અકર્મ સન્યાસ લેનારા પુરુષાર્થહીન મુઢ લોકોને પાપ પ્રાપ્ત થાય છે.'

તો બાણાવાળી અર્જુન દંડનો મહીમા વર્ણવે છે.

'દંડભયથી જ મનુષ્ય અપરાધ કરતો નથી. એકબીજાને લોકો ખાઈ જતા નથી. દંડભય ન હોય તો મત્સ્ય ગલાગલ ન્યાય જ પ્રવર્તે. દંડાયા વગર ગાય પણ દુધ આપતી નથી. દંડભય વગર તો કુતરા, હવીષ્ય અને કાગડા યજ્ઞનો પુરોડાશ (ચોખાનો રોટલો) ખાઈ જાય. વેદનીંદકો (ચાર્વાક-બુદ્ધ-જૈનવાદીઓ) પણ દંડાના ભયથી જ ચુપ થઈ વેદપ્રશંસા કરે છે ! સંન્યાસ લેનારા લોકો પણ આખરે ભીક્ષા માગવા સંસારીઓનો આશ્રય લે છે. મોક્ષપ્રાપ્તી સંશ્યાસ્પદ છે. હાથી પણ નીષ્ક્રીય થઈ પડી રહે તો જીવજંતુ એને ખાઈ જાય. મુઠ્ઠી જવ માટે ભીક્ષા માંગવી પડે, તે કરતાં સંસાર શો ખોટો ?'

નકુલ પણ ગૃહસ્થાશ્રમને અન્ય ત્રણેય આશ્રમ કરતાં વધુ શ્રેષ્ઠ ગણે છે. દ્રૌપદી સમજાવે છે કે 'આ રાજય આપને ગયા જનમનાં પુણ્યથી, યજ્ઞો કરવાથી કે ન કરવાથી દાન આપવા કે ન આપવાથી, શાસ્ત્રોના શ્રવણથી કે ભીખમા નથી મળ્યું, પરંતુ કર્મથી-યુદ્ધથી, પરીશ્રમથી મળ્યું છે, તો તેનો ઉપભોગ કરો.'

આમ, ભીમ, દ્રૌપદી, નકુલ સહુ સન્યાસ માર્ગનો વીરોધ કરી, પરોક્ષરૂપે ચાર્વાક મતનું સમર્થન કરે છે.

'શાંતીપર્વ'ના અધ્યાય ૧૮માં ભૃગુ બ્રાહ્મણ ચાર્વાકીય મહાસત્ય ઉચ્ચારે છે કે 'પ્રાણવાયુ જ મનુષ્યને જીવીત રાખે છે, તો ભારદ્વાજ કહે છે કે, 'પ્રાણવાયુથી જ આત્મા રહેતો હોય તો આત્માની સત્તા માનવી વ્યર્થ જ છે. જો જલત્યાગ કરીએ, વાયુને અવરોધીએ,

પેટ ફાડી નાખીએ (અન્નજળ ગ્રહણ ન કરીએ), રોગ લાગુ પડે તો શરીર નાશ પામે છે. પંચતત્વનું વીસર્જન થાય છે. તો પછી જીવ કયાં જાય છે ?'

આમાં પણ પંચતત્વના સંયોજનથી જ જીવાત્મા ઉત્પન્ન થતો હોવાના ચાર્વાક મતનો સ્વીકાર છે.

ગોદાન કરનાર મરી જાય છે. તો અહીં રહેલી ગાય એને કેવી રીતે વૈતરણી પાર કરાવે છે ? ગાય, ગૌદાની અને બ્રાહ્મણ ત્રણેય મરી જાય ત્યારે તેમનું મીલન કેવી રીતે થાય ? જડથી કાપેલું વૃક્ષ પુનઃ પાંગરી શકતું નથી, તો મરેલો મનુષ્ય ફરી કેવી રીતે પેદા થઈ શકે ? પુર્વકાલમાં બીજની ઉત્પત્તી થઈ હતી. તેમાંથી આ વીશ્વ ઉત્પન્ન થયું. જેઓ મરે છે તે તો નષ્ટ જ થાય છે. બીજથી જ બીજ બને છે.

અગ્નીની જેમ જીવ નાશ પામતો નથી, એમ કહેવાય છે, પરંતુ અગ્ની તો કાષ્ટ બળી જતાં બુઝાઈ જાય છે.શરીરને ચીરવાથી તેમાં તો કોઈ આત્મા મળી આવતો નથી. મન જ જીવ છે. આત્મા નહીં. મનોવ્યાકુલ હોય તો ખુલ્લી આંખે પણ કશું દેખાતું નથી. નીંદ્રાવશ વ્યકતી ન જુએ છે, ન સુંઘે છે, ન સાંભળે છે, ન બોલે છે કે સ્પર્શનો પણ અનુભવ કરતી નથી.

ભૃગુ બ્રાહ્મણ વર્ણાશ્રમ પર વાત કરતાં કહે છે કે, 'બ્રાહ્મણો સીતવર્ણા (શ્વેતવર્ણ), ક્ષત્રીયો લોહીત (લાલ), વૈશ્ય પીતક (પીળા) અને 'શુદ્રાણામસીતસ્તાા' અર્થાત્ શુદ્રો અસીત (શ્યામ) વર્ણના હોય છે,' ત્યારે ભારદ્વાજ તેને સમજ આપે છે કે, 'જો એવું જ હોય તો બ્રાહ્મણ કદી કાળો ન હોત અને શુદ્ર કદી ગોરો ન હોત ! કામ, ક્રોધ, ભુખ, લોભ, શોક, ચીંતા, ક્ષુધા, થાક, સર્વ વર્ણમાં જોવા મળે છે. દરેકના શરીરમાંથી પ્રસ્વેદ, મળ, મુત્ર, કફ, પીત્ત, રકત નીકળે છે, તો રંગ દ્વારા વર્ણભેદ કેવી રીતે કરી શકાય ?'

આમ મહાભારતના  અનેક કર્તા હોવાથી મહાભારતમાં વીવીધ મતોનો સમાવેશ થયો છે, અને વેદવીરોધી નાસ્તીકો કપીલ-બુદ્ધ-મહાવીર અને નીરીશ્વરવાદી ચાર્વાકીય નાસ્તીકો એમ બંનેના મતનો મહાભારતમાં અત્રતત્ર ઉલ્લેખ જોવા મળે છે. એટલે જ મહાભારતમાં નથી, તે કયાંય નથી એમ કહેવાયું છે, એમાં તથ્ય ખરું !

**સંદર્ભ :**


* સંક્ષીપ્ત મહાભારત  : ગીતા પ્રેસ, ગોરખપુર
* ચાર્વાક દર્શન : ડો. સુરેન્દ્રકુમાર શર્મા ('અજ્ઞાત')


---

**સત્યશોધક સભાને મળતું દાન ૮૦-જી હેઠળ આવકવેરા રાહતપાત્ર છે.**

# ટેકનોલોજી અને વીજ્ઞાનના આંતર સંબંધો

કુવા પર લટકતી ગરગડીમાં નાંખેલ દોરડાની છેડે ડોલ બાંધીને સહેલાઈથી પાણી મેળવતી પણીહારીને ખબર નથી કે તે વીજ્ઞાનના એક મહત્ત્વના ઉચ્ચાલનના સીદ્ધાંતનો ઉપયોગ કરી રહી છે. 'જરુરીયાત સંશોધનની માતા' હોવાના ન્યાયે કુવામાં સીધી ડોલ નાંખીને પાણી મેળવવાનું કામ વધારે શ્રમ અને સમય માંગે છે તે અનુભવે સમજાયું. કુવાની બે બાજુ પર બે થાંભલા વચ્ચે ત્રીજુ આડુ લાકડું જડી દેવાથી, અને તેના પર ગરગડી લગાડી દેવામાં આવે તો ગરગડીના ઉપયોગથી પાણી મેળવવાનું સહેલું બને. આમ આ અને આવી ઘણી ટેકનોલોજી વીજ્ઞાનના કોઈ પણ સીદ્ધાંતને જાણ્યા-સમજયા વગર અસ્તીત્વમાં આવી. સમય જતા વૈજ્ઞાનીકોએ ઉચ્ચાલનનો સીદ્ધાંત સ્વતંત્રપણે શોધ્યો. સીદ્ધાંત શોધાયો તે પહેલા એના આધારે ગરગડીથી પાણી ખેંચવાની ટેકનોલોજી શોધાઈ હતી તે પણ એમણે જોયું. પરીણામે વૈજ્ઞાનીકોએ ઘણી બધી વપરાતી ટેકનોલોજીમાંથી અનેક વૈજ્ઞાનીક સીદ્ધાંતો શોધ્યા. આગળ વધીને એમણે પ્રયોગો, અવલોકનો, ચીંતનો દ્વારા સ્વતંત્રપણે સીદ્ધાંતો શોધવા માંડયા. ન્યુટનનો આઘાત-પ્રત્યાઘાતનો સીદ્ધાંત સ્વતંત્ર્યપણે શોધાયો. આ સીદ્ધાંત શોધાયા બાદ તેના આધારે અનેક ટેકનોલોજીકલ ઉપયોગો શરુ થયા. આમા વીજ્ઞાન અને ટેકનોલોજીનો સંબંધ પરસ્પરાધીન છે. આ વીજ્ઞાન અને ટેકનોલોજીથી પેદા થતી નવી સેવાઓને પ્રજાના વપરાશ માટે શકય બનાવવા ધંધા તરફથી સતત અમુલ્ય સેવા મળે છે. આમ સમગ્ર સમાજ પરસ્પરાધીન છે.

# સ્થાપીત હીતોનું ષડ્યંત્ર

**–એન. વી. ચાવડા**

જગતમાં ગુંડા-મવાલીઓના ક્ષેત્રમાંયે નથી પ્રવર્તતા એવા જુઠાણા ધર્મ અને અધ્યાત્મના ક્ષેત્રમાં પ્રવર્તે છે. લોકોમાં એવો વહેમ ફેલાવવામાં આવ્યો છે કે ધર્મ અને અધ્યાત્મનું ક્ષેત્ર માનવજીવનનું સર્વશ્રેષ્ઠ ક્ષેત્ર છે, અને તે નર-નારીના પશુત્વમાંથી મનુષ્યતામાં ઉર્ધ્વીકરણનું કામ કરે છે. વાસ્તવમાં હજારો વર્ષથી વ્યવસ્થિત રીતે ફેલાવવામાં આવેલી આ એક અફવા માત્ર છે કારણ કે ધર્મ અને અધ્યાત્મનો પાયો છે આત્મા અને પરમાત્મા. જેનું કોઈ અસ્તીત્વ જ નથી. અર્થાત્ આત્મા અને પરમાત્યા એ જગતના સૌથી મોટાં જુઠાણાં છે. આ એક જુઠને છાવરવા માટે ધર્મ અને અધ્યાત્મવાદીઓ અન્ય અગણીત જુઠાણાં ફેલાવે છે. જેમાંથી નરનારીનું મનુષ્યત્વમાં ઉર્ધ્વીકરણ થવાને બદલે તેમનામાં ઉર્ધ્વીકરણનો વહેમ ફેલાય છે, તેથી તે દંભી બને છે. તેમનાં વીચાર-વાણી અને વર્તન વચ્ચે આભજમીનનું અંતર હોય છે.

પરીણામે ધર્મ અને અધ્યાત્મના ક્ષેત્રમાં માનવ-માનવની સમાનતાને બદલે ગુરુ-ચેલાની અસમાનતાનું અથવા એક મનુષ્ય દ્વારા અન્ય મનુષ્યોની દાસતા, માનસીક ગુલામી અને ગુરુ દ્વારા ચેલા-ચેલીઓના સાર્વત્રીક અને સર્વાંગી શોષણનું તે ક્ષેત્ર બને છે. જગતમાં સર્વત્ર આવા દંભી, શોષણખોર, અત્યાચારી, ભ્રષ્ટાચારીઅને બળાત્કારી ગુરુઓમાંના કેટલાક પકડાતા રહે છે, ફેર માત્ર એટલો જ છે કે કેટલાક પકડાઈ ગયા છે, અને અન્યો પકડાયા નથી ! આપણી વીશેષ કરુણતા એ છે કે થોડાક સાચા, પ્રામાણીક અને ઉચ્ચ કોટીના ઉમદા સજ્જનો પણ પોતાના અજ્ઞાનવશ ધર્મ અને અધ્યાત્મના આ જુઠા અને સમાજઘાતક ક્ષેત્રમાં સપડાઈ ગયા છે. ધર્મ અને અધ્યાત્મનું વીનાશક ક્ષેત્ર તેમને કારણે જ ટકી રહયું છે.

## શબ્દો એક જ, અર્થ બદલાયા

કાર્ય-કારણ સંબંધ શોધનનું વીજ્ઞાનના આવીષ્કાર પહેલા પણ સ્થાન હતું. 'ગયા ભવમાં કરેલાં પાપના કારણે આ વ્યકતી આ ભવમાં ગરીબ છે.' એવું જયારે કહેવામાં આવે છે ત્યારે ખુબ પ્રામાણીકતાથી એ વ્યકતીના આ ભવનાં દુઃખનું કારણ શોધવાનો પ્રયત્ન થાય જ છે. આ અને આવા શોધન સાર્વત્રીક અને ચોકકસ હતાં તેથી તે 'ધર્મ' ના નામે આજે પણ સ્વીકારાય છે. આવા શોધનને પામવા માટે ખાસ કરીને ગ્રીક વીજ્ઞાનોએ 'તર્ક' નો ઉપયોગ કર્યો. કોઈ એક વ્યકતી દુઃખી છે તો તેના મુળમાં એણે કંઈક ખોટું કર્યું હોય તો જ તે દુઃખી હોવાનો તર્ક કરવામાં આવ્યો. એ વ્યકતીનું જીવન જોતાં એવું એણે ખોટું કર્યાનું શોધાયું નહીં. ઉલટું કેટલીક વ્યકતીઓ તો ખોટું કરવામાં માનતી જ નહીં હોવાનું શોધાયું. એટલે એ તર્ક ખોટો પડતો દેખાયો કે એણે કરેલા ખોટાં કામના બદલામાં એ દુઃખી છે. હકીકત તર્કને ખોટો પાડતી હતી. બીજી બાજુ ધર્મના સ્થાપકો અને ગ્રીક જેવા ફીલોસોફરો તર્કને ખોટો પડવા દેવા માંગતા નહોતા. આથી એમણે તાર્કીક કારણ રજુ કર્યું કે એણે પુર્વ ભવમાં ખોટાં કામ કરેલા !

વીજ્ઞાનના આવીષ્કારને કારણે કાર્ય-કારણ સંબંધ શોધનના શબ્દો તો એના એ જ રહયા. એનો અર્થ બદલાઈ ગયો. હવે એનો એ અર્થ થયો કે જે શોધન પુરાવા આધારીત હોય, મુર્ત હોય અને વારંવારની કસોટીમાં પાર ઉતરતું હોય તે શોધન છે. આ શોધન માટે તર્કનો ઉપયોગ ત્યાં સુધી જ થઈ શકે કે જયાં સુધી હકીકતથી એ ખોટો નહીં પડે. એનો અર્થ એ કે તાર્કીક રીતે ચીંતન કરતા કરતા જે સાચુ હોવાનો ખ્યાલ આવે તેનાથી વાસ્તવીકતા ઉલટી હોય તો ત્યાં તર્કનો ત્યાગ કરીને વાસ્તવીકતાને-સત્યને સ્વીકારવું પડે. સમાજની અવ્યવસ્થાને કારણે વ્યકતી દુઃખી હોવાનું સત્ય પ્રગટે તો ગયા ભવના દુષ્કૃત્યના તર્કને પડતો મુકવાનો થાય.

# અપરાધ દર્દ કે અન્યાય ?

**-અશ્વીન ન. કારીઆ**




આપણા અશ્વીન ન. કારીઆ લીખીત અને રશ્મીબેન કારીઆ પ્રકાશીત આ વીસ પાનાની પુસ્તીકામાં આત્મહત્યાને વીવીધ દ્રષ્ટીબીંદુએ તપાસવામાં આવી છે. સહયોગ રાશી વીસ રુપીયા રાખવામાં આવી છે. એનું પ્રાપ્તીસ્થાન છે : ગીરીશ સુંઢીયા, મહામંત્રી, બનાસકાંઠા જીલ્લા અંધશ્રદ્ધા નીર્મુલન સમીતી, ૬૯/૨, ચાણકયપુરી સોસાયટી, હનુમાન ટેકરી, આબુ હાઈવે, પાલનપુર-૩૮૫ ૮૦૧. મો.-૯૪૨૬૬ ૮૩૨૮૧. જે વીવીધ દ્રષ્ટીકોણથી ખુબ ટુંકમાં આ પ્રશ્નની મીમાંસા કરી છે તે દ્રષ્ટીકોણ (૧) સામાજીક (૨) સંથારો (૩) અકસ્માત, મોત, ખુન કે આત્મહત્યાની દ્રષ્ટીએ (૪) આમરણાંત ઉપવાસ (૫) દયા મૃત્યુ, ઈચ્છા મૃત્યુ (૬) દહેજ (૭) સરકારની જવાબદારી (૮) કાનુની દ્રષ્ટીકોણ આ ઉપરાંત અન્ય મુદ્દાઓની ચર્ચા પણ કરવામાં આવી છે.

છેવટે જાણે સમગ્ર ચર્ચાનું સમાપન કરતા હોય તેમ કારીઆએ આ અંગે સમાજ-શાસ્ત્રીઓએ કરેલ સુચનોની યાદી આપી છે. જે ઘણાં માર્ગદર્શક છે. એ સુચનો આ પ્રમાણે છે :

**સમાજશાસ્ત્રીઓએ માનસીક તનાવ હળવો કરવા સુચવેલ સુચનોનો સાર**

(૧) જીવનના તમામ સંજોગોમાં માત્ર પોતાની જાતને કેન્દ્રમાં રાખવાના બદલે દ્રષ્ટીકોણ વીશાળ અને હકારાત્મક રાખવો જોઈએ.

(૨) ગમે તેવાં દુઃખ કે સુખ કાયમ રહેતા નથી. એક ચીની કહેવત છે કે ‘યે દીન ભી ગુજર જાયેગા.’ ના ભાવથી થોડી ધીરજ રાખવી. **(વધુ ટા.-૪ ઉપર)**

**RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2019-2021 (with prepayment of postage)**

**(ચાલુ ટા.–૩ નું)**

(૩) પોતાની નોકરી-ધંધા ઉપરાંત કોઈપણ એક મનપસંદ પ્રવૃત્તીમાં મન પરોવવું. દા. ત. વાંચન, સંગીત, ચીત્રકલા, સવાર-સાંજ ફરવા જવું, લાફીંગ કલબમાં જોડાવું. મોટી ઉંમરે પણ કોલેજમાં અભ્યાસ માટે જોડાવું. કોઈ સંસ્થામાં સ્વૈચ્છીક સેવા આપવી.

(૪) સગાં-વહાલાં, મીત્રો, પડોશીઓ સાથે સામાન્ય રીતે હળતા-મળતા રહેવું, અને પ્રસંગોપાત રુબરુ કે ફોનથી વાતચીત કરતા રહેવાથી માનસીક મોકળાશ અનુભવાય છે, અને તનાવ દૂર થાય છે.

(૫) ઉશ્કેરાટ પેદા કરતા સંજોગોથી દુર રહેવું, ઉગ્ર ચર્ચામાં ભાગ લેવો નહીં. થોડી નરમાશ અને હળવાશથી વાતની રજુઆત કરવી.

(૬) વીશાળ અને વીવીધ વાંચન શ્રેષ્ઠ ઉપાય છે. તેનાથી આત્મબળ પ્રાપ્ત થાય છે, અને ગમે તેવી અઘરી સમસ્યાનો ઉકેલ લાવવાની ક્ષમતા પેદા થાય છે.

(૭) નાના કે ક્ષુલ્લક બનાવોને 'રાઈનો પર્વત' બનાવવાના બદલે તેની ઉપેક્ષા કરવી, અને પસંદગીની પ્રવૃત્તીમાં લાગી જવું.

---

**'સત્યાન્વેષણ'ને સફળતાની**



**શુભેચ્છા...**



**એક શુભેચ્છક તરફથી**

---

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**